SPIRITUAL DEVELOPMENT CENTER
આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર
સ્થાપના ૧૯૭૫
105-31, 63rd Drive, Forest Hills, NY 11375
Phone: 718-997-0151 • Website: www.avkny.com

**પરમ ભગવદીય સત્સંગીજનોઃ**

અનંત કાળસાગરના વિશાળ તટ પર એક વર્ષ વિરામ લે છે અને ઊગી રહેલા નવા વર્ષમાં ભક્તિ, સેવા, સમર્પણ અને શાનની દિપશીખા ઝળહળતી રાખવાના સંકલ્પરૂપે હરિભક્તો દીપમાળ પ્રગટાવે છે. ૨૦૧૧ના નૂતન વર્ષની અભિનવ ઉષાએ તનનું તારુણ્ય, આત્માનું ઓજસ, જીવનની સમૃદ્ધિ, ઇષ્ટદેવની ભક્તિ, સેવા અને સમર્પણનું સદ્‌ભાગ્ય, પરમકૃપાળુ પરમાત્મા આપને હંમેશ અર્પે એ જ અભ્યર્થના!

## આભાર

પરમાત્માની અમીદૃષ્ટિ અને આપ સર્વ ભગવદીય સત્સંગીજનોની અણમોલ સેવાની ફલશ્રુતિરૂપ આપણા આધ્યાત્મિક વિકાસ કેન્દ્રનો સત્સંગ દિન પ્રતિદિન વૃદ્ધિ પામી છત્રીસમા (૩૬) વર્ષમાં પ્રવેશ કરેલ છે. પાંત્રીસ વર્ષથી પ્રભુ ભક્તિ અને સેવાના પવિત્ર કાર્યો કરતા કેન્દ્રની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં દર વર્ષે વધારે ને વધારે હરિભક્તો લાભ લે છે. વર્ષ દરમ્યાન કેન્દ્રની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે - શુક્રવારનું ભજન-કિર્તન, મહાશિવરાત્રી, હોળી-ધૂળેટી, સ્વામિનારાયણ જયંતી, ગુરૂપૂર્ણિમા, હનુમાન જયંતિ, પિકનીક, રામનવમી, જન્માષ્ટમી, નવરાત્રી, માતાજીનું હવન, માતાજીનો મહાપ્રસાદ, અન્નકૂટ, સાંસ્કૃતિક કાર્યક્રમ, અન્નકૂટનો પ્રસાદ, તુલસીવિવાહ વિગેરેની ઉજવણીમાં અણમોલ સેવાઓ આપી ધર્મપ્રેમી સત્સંગીજનો કેન્દ્રની ઉજ્જવળ સફળતામાં સહભાગી થયા છે. પ્રભુ પ્રેરણાથી હરિભક્તોએ કરેલા દાનમાંથી ૨૦૧૦ના વર્ષમાં આશરે ૧૮,૦૦૦ ડોલરનું દાન ગરીબોને છાસ વિતરણની સેવામાં, રક્તપિત્ત અને મંદબુદ્ધિવાળા દર્દીઓની દવા અને ભોજનની સેવામાં, હેટી ધરતીકંપમાં ભોજન, દવા, પાણી અને ઘવાયેલા બાળકોની સેવામાં, ગરીબ દર્દીઓની આંખના મોતીયાના અને પોલિયોના ઓપરેશન માટે કર્યુ છે. કેન્દ્રની દાનગંગા અને ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ધર્મપ્રેમી હરિભક્તોની અમૂલ્ય સેવા અને સહકાર બદલ આભાર.

## ૨૦૧૧ના વર્ષની વિવિધ પ્રવૃત્તિઓ

ભાવિક ભક્તજનોને કેન્દ્રની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવામાં સરળતા પડે એ હેતુથી કેન્દ્રના ૨૦૧૧ના વર્ષના કાર્યક્રમોની તારીખ, સમય અને સ્થળ પહેલેથી જ નક્કી કરી તેનું પ્રોગ્રામ કેલેન્ડર અને શુક્રવારના ભજનનું કેલેન્ડર આ સાથે સામેલ કરેલ છે. હરિભક્તોનો સમય બચે અને સરળતા પડે એટલા માટે શુક્રવારના ભજનમાં સાદો પ્રસાદ બનાવવા માટે વિનંતી છે. આધ્યાત્મિક વિકાસ કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી કેન્દ્રની વેબસાઈટમાં મૂકવામાં આવેલ છે. વેબસાઈટનું એડ્રેસ www.avkny.com છે.

## સેવા માટે સંપર્ક

આધ્યાત્મિક વિકાસ કેન્દ્રની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે અને મેમ્બર થવા માટે કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી. કેન્દ્રની બધી જ પ્રવૃત્તિઓ હરિભક્તોની અણમોલ સેવા અને સહકારથી થાય છે. આપની ઇચ્છા કેન્દ્રને કોઈપણ પ્રકારની સેવા આપી, સત્કાર્યમાં સહભાગી થવાની હોય તો શ્રી ડાહ્યાભાઈનો ૭૧૮-૯૯૭-૦૧૫૧ ઉપર અગર વહીવટી મંડળના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી છે.

ભારતમાતાના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખી આપણી ભાવિ પેઢીને અર્પણ કરવાનું પવિત્ર કાર્ય કરતા આપણા કેન્દ્રને તમારી અણમોલ સેવાઓ અને સહકારનો પ્રવાહ અવિરત ચાલુ રાખવાની પ્રેરણા પ્રભુ આપે એ જ પ્રાર્થના. વહીવટી મંડળના કાર્યકર્તાઓ અને સેવાભાવી હરિભક્તોની સેવા આપવામાં ઉણપ રહી હોય તો ઉદાર દિલે ક્ષમા કરશો. આપણા બધાના હૃદયમાં પરમકૃપાળુ પરમાત્મા સદાય નિવાસ કરે અને આપણું શરીર ભગવાનનું મંદિર બની જાય એ જ અભ્યર્થના અને પ્રભુ પ્રાર્થના સાથે વંદન.

વહીવટી મંડળ
આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર

**SPIRITUAL DEVELOPMENT CENTER** Since 1975 આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર

105-31, 63rd Drive, Forest Hills, NY 11375
Phone: 718-997-0151 • Website: www.avkny.com

Dear Members and Volunteers,

The year 2010 is rapidly winding down and will soon become history. We will embrace fondly the arrival of the New Year 2011 with a solemn desire for worship, profound dedication and selfless service. May the dawn of the New Year bestow on all of you the best of health, mental peace, prosperity and enough strength for devotion and service to the needy.

## THANKS

With the blessings of the Almighty God and excellent cooperation from all members and volunteers, the Spiritual Development Center, which seemed to be in the cradle as of yesterday, has dramatically blossomed and has entered in its 36th robust year. Throughout this period of thirty five years, all of you have rendered invaluable services to God and our community. To pass the Center's legacy to our young generation the Center has formed a Young Adult Group (YAG) between the ages of 18 through 50 years. The Center donated approximately $18,000 for the food and medicine of leprosy and mentally retarded patients, butter milk distribution to the poor, cataract surgeries and polio operations of the poor patients, distributions of vegetarian food, medicines, water, blankets, tents and long term relief efforts for the victims of devastating earthquake in Haiti from the generous donations made by the members. During the year the Center conducted Friday prayers, and celebrated religious and cultural programs.

During the year, all of you have rendered invaluable services for the Friday prayer and for the celebration of religious and cultural programs. Please accept humble thanks from your Center for your generous contributions, valuable services, active participation and support in the various programs. Also we hope you will forgive us for any imperfections in rendering services to our Center.

## CENTER'S 2011 RELIGIOUS AND CULTURAL ACTIVITIES CALENDARS

For your convenience and planning purpose, the executive committee has decided the dates, time and place of various activities in advance. The committee is pleased to attach herewith 2011 Calendars of Friday's Prayer and various Programs. These calendars, Center's news, pictures of celebrated programs, etc. are on the Center's Website: www.avkny.com. For more information on our Center's website, please contact Mr. Virendra Banker at 718-468-5999.

## CONTACT FOR VOLUNTEERING SERVICES

There is no fee for participating in the Center's various activities or for becoming a member of the Center. Our members and well-wishers provide their generous donations, and render selfless and valuable services to the Center. Please contact Mr. Dahyabhai Patel at 718-997-0151 or any committee member to offer your services or for more information regarding the various activities of the Center.

May God reside in our hearts and brighten our path.

*With Best Wishes*

**Executive Committee Members**

## યુવક ગૃપ (Young Adults Group)

૨૦૧૦નું વર્ષ આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર માટે વિશિષ્ઠ બન્યું. કેન્દ્રે આશરે ૧૮,૦૦૦ ડોલરનું દાન રોગોથી પીડાતા ગરીબ દર્દીઓની સેવામાં કર્યું છે. પાંત્રીસ વર્ષથી પ્રભુ ભક્તિ અને સેવાનાં પવિત્ર કાર્યો કરતા આપણા કેન્દ્રનો સત્સંગ અવિરત ચાલુ રહે એ આશયથી યુવક ગૃપ (Young Adults Group) ની સ્થાપના કરી છે. આ ગૃપમાં ૧૮ થી ૫૦ વર્ષના યુવક ભાઈ-બહેનોનો સમાવેશ કરવામાં આવે છે. અત્યારે સારી એવી સંખ્યામાં યુવાનો કેન્દ્રની પ્રવૃત્તિઓમાં સામેલ થયા છે. યુવાન ભાઈ-બહેનો ધીમે ધીમે કેન્દ્રને ચલાવવાની જવાબદારીઓ સંભાળે એજ પ્રભુ પ્રાર્થના. તમારા યુવાન બાળકોને કેન્દ્રના વહીવટી મંડળમાં ભાગ લેવાની પ્રેરણા આપી, કેન્દ્રની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પવિત્ર ઝરણું સદાકાર વહેતું રાખવામાં ભાગીદાર થવા વિનંતી છે.

## Young Adults Group

The year 2010 was an extraordinary year for the Center. The Center donated about $18,000 for the treatment of poor and needy patients and for the victims of devastating earthquake in Haiti. In July 2010 our Center completed thirty five years of prayers and services to God and to our community. The Center has formed a Young Adults Group (YAG) between the ages of 18 through 50 years. The main purpose of establishing YAG is to encourage young adults to actively participate in the Center's activities and to prepare them to take the responsibility of managing the Center. This may enable us to leave a lasting legacy to our succeeding generation.

We request all the parents to encourage your youngsters to participate in the various activities and management of our Center. With your support we will succeed in passing the Center's legacy to our young generation. We welcome your suggestions for the mission of the Center. All the suggestions will be carefully evaluated.

For more information please contact Virendrabhai Banker at 718-468-5999, Hirenbhai Vyas at 718-850-5134, Maheshbhai (Chandubhai) Patel at 718-962-1014.


Spiritual Development Center Inc.
105-31, 63 Drive
Forest Hills, NY 11375-1601
www.avkny.com


PLACE
STAMP
HERE

To